
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મકર**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે મહાશિવરાત્રિ છે. આજે બપોરે પોણા ત્રણે ચંદ્ર મકરમાંથી કુંભ રાશિમાં પ્રવેશ કરશે. જે સૂર્ય સાથે યુતિ કરશે એટલે અમાસનો યોગ ઉભો કરશે. આજે શુક્રનો મકરમાંથી કુંભમાં પ્રવેશ. આજે કાલસર્પ યોગ અને ચાંડાલ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** આજે બપોર બાદ ચંદ્ર સૂર્ય રાહુ કેતુની યુતિ - પ્રતિયુતિ હોવાથી તેમજ મહાશિવરાત્રિ હોઈ સારા રૂપ માટે 'ઓમ નમ: શિવાય: મંત્રના જાપ કરવા.'

**વૃષભ** દસમે ચાર - પાંચ ગ્રહો મહાશિવરાત્રિએ ભેગા થયેલ છે જે સારું ફળ આપશે પરંતુ શક્ય હોય તો શિવજીની ભક્તિ - પૂજામાં સમય વ્યતીત કરશો તેટલો ફાયદો થશે.

**મિથુન** ત્રીજે ગુરુ - છઠ્ઠે શનિ - મંગળની યુતિ અને નવમા સ્થાનમાં બાકીના ગ્રહોની યુતિ ૩-૬-૯ સ્થાનોને પ્રબળ બનાવે છે - દિવસ આનંદમાં - ભક્તિમાં જાય.

**કર્ક** બપોર સુધીનો સમય સારો જાય - ત્યારબાદનો સમય ભક્તિ - પૂજામાં ગાળવો - મહાશિવરાત્રિ હોઈ ઈષ્ટદેવ - શિવજીની ભક્તિ - પૂજામાં કરશો તો દિવસ આનંદમાં જાય.

**સિંહ** રાશિમાં ગુરુ - રાહુ - પ્રતિયુતિમાં પાંચ ગ્રહોની યુતિથી દિવસ વ્યગ્રતા ભર્યો જાય - કેફી પીણાથી દૂર રહેવું. 'ઓમ નમ: શિવાય: મંત્રના જાપની આરાધના કરવી.'

**કન્યા** ત્રીજે છઠ્ઠે આવેલા ગ્રહોની યુતિ તમોને ખૂબ જ લાભ કરાવે તેવા યોગ છે. સાહસ કરશો તો તમારા ધ્યેયને પ્રાપ્ત કરશો - શિવપૂજા કરવી.

**તુલા** અગિયારમે ગુરુ - રાહુની પાંચમાં સ્થાનના પાંચ ગ્રહોની યુતિ સામે પ્રતિયુતિ હોઈ સંતાનોના પ્રશ્નો ઉભા થાય. જેનો નિવેડો પણ આવી જાય.

**વૃશ્ચિક** રાશિપતિ રાશિમાં હોઈ તમારો સ્વભાવ લડાયક બનાવે - શનિની ખરાબ અસરો નાબૂદ કરે. ચોથા સ્થાનમાં પાંચ ગ્રહોની યુતિ માત-પિતા તરફથી પ્રેમ લાભ અપાવે.

**ધન** બારમે સ્વગૃહી મંગળ રોગ શત્રુનો નાશ કરે - પત્નીએ પડવા - વાગવા - દાઝવાથી સાચવવું. ભાઈ-બહેનોના સ્થાન પર દ્રષ્ટિ કરે છે. જેથી ભાઈ-બહેન તમારી વાતમાં વિરોધ ન કરે.

**મકર** બપોર સુધીનો સમય સારો જશે - ત્યારબાદનો સમય સાચવવા જેવો છે - બીજે પાંચ ગ્રહોની યુતિ થાય છે જે આઠમે ચાંડાલ યોગ પર દ્રષ્ટિ કરે છે - પડવા - વાગવા - દાઝવાથી સાચવવું.

**કુંભ** રાશિમાં બપોર પછી પાંચ ગ્રહોની યુતિ થાય છે જે ગ્રહણ યોગ - કાલસર્પ યોગ તેમજ ચાંડાલ યોગની રચના કરે છે જેથી બધા ખરાબ યોગો વચ્ચે શિવજીની પૂજા કરવી.

**મીન** બારમા સ્થાનમાં પાંચ ગ્રહોની યુતિ ખોટા ખર્ચા ન કરાવે તે માટે સાવચેત રહેવું. કેફી પીણાથી દૂર રહેવું - સાતમે ચાંડાલ યોગને કારણે પત્નીથી ચડભડ ન થાય તે જોવું.

# તાજપુરમાં વિજ કરંટ લાગતા આધેડનું મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર ખાતે આધેડને વિજકરંટ લાગતા સારવાર અર્થે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્ખે ખસેડવામાં આવ્યા હતા. પણ હાજર તબીબી દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પ્રાંતિજના તાજપુર ગામે રહેતા ભંવરલાલ લીલાજી પુરોહિત ઉં.વ. ૬૦ કે જેવોને પોતાના ઘરે બપોરના સમયે ઘરમાં વિજકરંટ લાગતા તેવોને તાત્કાલિક પ્રાંતિજ ખાતે આવેલ સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પણ હાજર તબીબી ડૉ. જે.કે. પ્રણામી દ્વારા મૃત જાહેર કરી પ્રાંતિજ પોલીસને જાણ કરાતા પોલીસે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

વર્ષ પહેલાં ફાંસી અપાયેલા દેશના દુશ્મન અફઝલ ગુરુનું ભૂત સમગ્ર ભારતના રાજકારણ, વિદ્યાર્થીકારણ અને સમાજકારણમાં ઉહાપોહ મચાવે છે. અદાલતોની કાર્યવાહી અને ભારતીય બંધારણનો આદર કરવા પ્રતિબદ્ધ દેશના નાગરિકોમાં અજંપાભરી સ્થિતિ સર્જાતાં જે નવા પ્રશ્નો અને સમસ્યાઓ સર્જાઈ છે એ જમ્મુ-કાશ્મીર વિવાદને વધુ વણસાવે એવું લાગે છે.

રાજકીય શાસકો અને વિપક્ષી રાજનેતાઓની અપરિપક્વતા અને ટૂંકા ગાળાના સ્વાર્થના રાજકારણ દેશને ઉલમાંથી ચૂલમાં પડવાના સંજોગો સર્જે છે એ ભણી પણ નજર કરી લેવાની જરૂર ખરી : (૧) અફઝલ પ્રકરણની નવેસરથી આરંભાયેલી ગાજવીજે જમ્મુ અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સની નેતાગીરીને ઓટોનોમી(સ્વાયત્તતા)નો મુદ્દો ફરી ઊઠાવવા માટેની મોકળાશ સર્જી છે. શેર-એ-કાશ્મીર લેખાતા શેખ અબદુલ્લાના રાજકીય વારસ એવા પુત્ર ડો. ફારુક અબદુલ્લા અને પૌત્ર ઓમર અબદુલ્લાએ ઓટોનોમીનો મુદ્દો ગાજતો કરીને કાશ્મીરી પ્રજાનો ટેકો મેળવવાનો પ્રયાસ ફરી જીવતો કર્યો છે. કેન્દ્રમાં ભાજપી વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની સરકારમાં ઓમર અબદુલ્લા વિદેશ રાજ્યપ્રધાન હતા અને એનડીએના ઘટક પક્ષ એનસીના નેતા ડો. ફારુક તે વેળા મુખ્ય પ્રધાન હતા. ઓટોનોમી મુદ્દે ભાજપ અને એનસીના છૂટાછેડા થયા હતા. ફરી એનસી અને કોંગ્રેસ ભેગાં થયાં તથા છેલ્લી ચૂંટણી પૂર્વે પાછાં ફારેગ થયાં હતાં.(૨) મુખ્ય પ્રધાન તરીકે ઓમર અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરના ભારતમાં વિલયને શરતી જોડાણ ગણાવીને પડકારતા હતા. હવે ફરીને એ દિશા પકડી છે અને પ્રજામાં લોકપ્રિયતા પુન: હાંસલ કરવા મચી પડ્યા છે.(૩) પીડીપી-ભાજપના શાસન દરમિયાન વારંવાર જમ્મુ-કાશ્મીરમાં ભારતવિરોધી નારા અને ઈસ્લામિક સ્ટેટના કાળા ઝંડા ફરકાવાતા રહ્યા અને અફઝલ ગુરુ તેમજ મકબૂલ બટને શહીદ લેખાવતા 'આઝાદી'ના નારા લાગતા રહ્યા. હવે એ પ્રવૃત્તિ વધુ ઉગ્ર બનવાનું અને આતંકી હુમલા વધ્યાનું અનુભવાય છે. (૪) ઓમર અબદુલ્લા અને તેમના કાકા મુસ્તફા કલામે બંધારણીય કલમ ૩૭૦ અને કાશ્મીરના અલગ ધ્વજ વિશે આક્રમક વલણ અપનાવ્યું છે.(૫) ભાજપના વરિષ્ઠ નેતા રહેલા પ્રા. હરિ ઓમે રા.સ્વ. સંઘની કુરક્ષેત્રમાં મળેલી પ્રતિનિધિ સભાના ૨૦૦૩ના ઠરાવ મુજબ જમ્મુ અને લડાખને અલગ રાજ્યોનો દરજ્જો આપવાની ત્રિભાજનની માંગ બુલંદ કરી છે.(૬) શીખોએ જમ્મુ-કાશ્મીરમાં લઘુમતીની માગણી બુલંદ કરી છે.(૭) ડોક્ટર ફારુક અબદુલ્લાએ ફરીને કહ્યું છે કે પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર પાકિસ્તાનનું છે, એ સ્વીકારી લઈને ભારતે જમ્મુ-કાશ્મીર અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરની સરહદને આંતરરાષ્ટ્રીય સરહદ તરીકે સ્વીકારી લેવી જોઈએ.



દિયોદર નગરે શ્રી નરનારાયણ દેવ દેરા તાંબાનું શ્રી સ્વામિનારાયણનું ભવ્ય મંદિર નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ૨ માર્ચના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થયો હતો. જેમાં પ્રથમ દિવસે રામજી મંદિરથી કથા સ્થળ સુધી પોથીયાત્રા નીકળી હતી. જેમાં મંદિર ખાતે ઘનશ્યામ જન્મોત્સવ, જળયાત્રા, બ્રહ્મચોર્યાશી, ત્રિદિનાત્મક યજ્ઞ યોજાયેલ જેમાં આજે શ્રી નરનારાયણદેવ પ્રતિષ્ઠા મહોત્સવ અને દેવોની નગરયાત્રા નીકળી હતી. જેમાં આ યાત્રા કથા સ્થળથી આરામગૃહ, આઝાદ ચોક, મહાદેવ મંદિર સુધી ફરી મંદિર સ્થળે પરત ફરી હતી. આ શોભાયાત્રામાં દિયોદર નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પાંચ દિવસ દરમ્યાન સ.ગુ. શાસ્ત્રી સ્વામી, રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) હાજર રહી સૌ ભક્તોને કથાનું પ્રવચન કર્યુ હતુ. મુખ્ય આયોજન સ.ગુ. મહંત શાસ્ત્રી હરિકૃષ્ણદાસજી તથા સમસ્ત સત્સંગ સમાજ વતિ પ્ર. ભ. દિલીપભાઈ લવજીભાઈ ઠક્કર દ્વારા આ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કર્યું હતું.

# સાબર ડેરી પાસે શ્રમજીવી પરિવારનો કિશોરનું કેનાલમાં ડૂબી જતા મોત

હિંમતનગર, તા. ૬

હિંમતનગર અમદાવાદ માર્ગ પર સાબરડેરી સામે મૂર્તિઓ બનાવનાર શ્રમજીવી પરિવારનો ૬ થી ૭ વર્ષીય બાળક મંગળવારે બપોરના સુમારે હાથમતી કેનાલમાં ન્હાવા પડયા બાદ ડૂબી ગયો હતો. ઘટના અંગે હિંમતનગર પાલિકાના ફાયર બ્રિગેડ વિભાગને જાણ કરતા ડૂબી ગયેલા બાળકની મંગળવારે સમી સાંજ સુધી શોધખોળ કર્યા બાદ બુધવારે બપોરના સુમારે બાળકની લાશ પિલુદ્રા નજીક કેનાલમાંથી મળી આવી હતી. બાળકની લાશ મળતા શ્રમજીવી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ ગઈ હતી.

ઘટના અંગે વિગત અનુસાર હિંમતનગરઅમદાવાદ માર્ગ પર સાબરડેરી નજીકના વિસ્તારમાં કેટલાક શ્રમજીવી પરિવાર મૂર્તિઓનું કામ કરી રહ્યા છે. મંગળવારે બપોરના સુમારે ઝાલાજી મારવાડી પરિવારનો ૬ થી ૭ વર્ષીય બાળક વિજય બાળકો સાથે નજીકમાંથી પસાર થતી હાથમતી કેનાલમાં ન્હાવા પડયો હતો. તે દરમિયાન વિજય કેનાલના વહેતા પાણીમાં ડૂબી ગયો હતો. જયારે અન્ય બાળકો ન્હાઈને બહાર નીકળી ગયા હોવાનું ફાયર બ્રિગેડના સૂત્રોએ જણાવ્યુ હતું. વિજય કેનાલમાં ડૂબતા ઘટના અંગે હિંમતનગરના ફાયર બ્રિગેડને જાણ કરતા વડા પ્રતાપસિંહ દેવડા ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મંગળવારે બપોરથી મોડી સાંજ સુધી કેનાલમાં બાળકની શોધખોળ આદરી હતી. રાત્રે અંધારુ થઈ જતા ફાયર બ્રિગેડની ટીમએ બુધવારે ફરી કેનાલમાં શોધખોળ શરૂ કરી હતી. તે દરમિયાન બુધવારે ત્રણેક વાગ્યાના સુમારે પિલુદ્રા નજીકથી કેનાલમાંથી વિજયની લાશ મળી આવી હતી.

ફાયર બ્રિગેડની ટીમએ વિજયની લાશ બહાર કાઢી તેના પરિવારજનોને સુપ્રત કરી હતી અને ઘટના અંગે મૃતકના પરિવારજનોએ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.



### ખેડબ્રહ્મામાં ગૌકૃપા મહોત્સવ અંતર્ગત બાઈક રેલી યોજાઈ

સ્વતંત્ર ભારતમાં ગૌભક્તોના બલિદાનને ૫૦મા વર્ષ નિમિત્તે રાજસ્થાનના શિરોહી જિલ્લાના રેવદળ તાલુકાના નંદગામમાં આવેલા મનોરમા ગૌલોક તિર્થ દ્વારા આયોજીત ગૌકૃપા મહોત્સવ હેતુસર મનુહાર યાત્રાનું આયોજન કરાયું છે. જે તા. ૮ થી ૧૬ એપ્રિલ-૨૦૧૬ સુધી યોજાનાર છે. ત્યારે ખેડબ્રહ્મા તાલુકાના શ્યામનગર સ્થિત શ્રી વિશ્વકર્મા પ્રભુના મંદિરથી વિશાળ મનુહાર યાત્રા બાઈકરેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જે ખેડબ્રહ્માના બ્રહ્માજી ચોકમાં પૂર્ણ થઈ હતી અને સભાના રૂપમાં ફેરવાઈ હતી. સભામાં ઉપસ્થિત રાધાકૃષ્ણ સ્વામીએ ગૌકૃપા મહોત્સવમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પત્રિકા ગૌભક્તોને આપી ગૌકૃપા મહોત્સવમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો હતો. બાઈકરેલી ખેડબ્રહ્માના પેટ્રોલપંપ ઉપર આવતા ખેડબ્રહ્મા વેપારી મહામંડળ દ્વારા રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને યુથમેડા ગોધામ મહાતિર્થને રૂ. ૪૧૦૦ ફાળો અર્પણ કર્યો હતો.

## દાદ માગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પક્ષના મેન્ડેટને લઈ શિસ્તમાં રહેનારા સભ્યોએ પણ બળવાખોરો સામે તાકીદે પગલાં લેવાય તે માટેનું રાજકીય દબાણ વધારી દીધુ છે. બળવાખોરોને જિલ્લા અને પ્રદેશમાં વજન ધરાવતા આગેવાનોનું પીઠબળ હોવાની વાતો પણ ખુલ્લેઆમ થઈ રહી છે.

મંગળવારે પંચાયત સચિવશ્રી સમક્ષ થનારી રજુઆતો અંગે તંત્ર દ્વારા અત્યંત બારીકાઈથી તૈયારીઓ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે. રિવીઝન અરજીની વાતો બહાર આવતાં જ કેટલાક કોંગી આગેવાનોએ પંચાયતમાં બેઠકો યોજી હતી તો કેટલાક આગેવાનોએ ગાંધીનગર શહેરમાં ખાનગી સ્થળે બેઠક યોજી હતી.

દરમ્યાન કોંગ્રેસ પક્ષ દ્વારા હવે બળવાખોરો જો શાનમાં નહિ સમજે તો પક્ષાંતર ધારા હેઠળ કાર્યવાહી કરવા માટેના વિકલ્પની પણ સક્રિયતાથી વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

## કાનૂન અને કાયદો ● ૪ પાનાનું ચાલુ...

ઈ-ધારા પ્રોજેકટ અંર્તગત ફેરફાર નોંધ દાખલ કરવામાં ગોટાળા તથા ભ્રષ્ટાચારની બુમો શરૂઆતથી ઉઠવા પામે છે. આ ગેરસમજ જે પણ પ્રકારની હોય તેને ટેકનિકલ નોલેજનો અભાવ અને તાલીમના અભાવમાં ખપાવવામાં આવે છે. ફેરફાર નોંધ દાખલ કરવા મંજુર કરવા તથા ના મંજુર કરવાના હક્ક દાખલ કરવા, કમી કરવા માટે મોટાપાયે નોંધો પાડવામાં ભ્રષ્ટાચારની શંકા સેવાઈ રહી છે. પોતાના ખીસ્સા ગરમ કરવા પોતાનો સ્વાર્થ સાધવા જયાં સુધી આવો કહેવાતો સ્વાર્થ સિધ્ધ ના થાય ત્યાં સુધી ટેકનિકલ ખામીના કારણો આપી અરજદારને યેનકેન પ્રકારે પોતાની મિલ્કતના રેકર્ડ દુરસ્ત કરવામાં હેરાનગતી વેઠવી પડે છે જે ખુબ જ શરમજનક ગણાય રાજયના પાટનગરમાં જો આવી હાલત હોય તો અન્ય તાલુકા કે જીલ્લામાં શું હાલત હશે તે વિચારવા જેવી બાબત છે.

# જીરૂના જથ્થામાં ભેળસેળ મામલે પાલિકા-ટ્રેડિંગ કંપની સામસામે

ઊંઝા, તા. ૬

વેપારી મથક ઊંઝા શહેરમાં સ્ટેશન રોડ પર આવેલ જયદત્તાત્રેય ટ્રેડીંગ કંપનીમાં રાત્રીના સમયે મસાલાની ચીજ જીરૂના જથ્થામાં કથિત ભેળસેળના મામલે નગરપાલિકાની ટીમ અને ટ્રેડીંગ કંપનીના માણસો સાથે બજાર સમિતિના ચેરમેન અને તેમના પુત્ર વચ્ચે હંગામો થતા બંને પક્ષે સામસામે પોલીસ ફરિયાદો નોંધાતા મામલો ગરમાયો હતો.

આ ઘટનાને લઈને ઊંઝા વેપારી મંડળ અને વેપારી એસોસિએશનની એક બેઠક મળી હતી. જેમાં વેપારીઓએ ભેગા થઈને માર્કેટયાર્ડ બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. જે સંદર્ભે આજે ઊંઝા માર્કેટયાર્ડ મહદ્અંશે બંધ રહ્યું હતું. જોકે કેટલાક વેપારીઓએ બંધને સમર્થન આપ્યું હતું.

આજે માર્કેટયાર્ડ બંધના એલાનને પગલે કૃષિ માલોની હરાજીનું કામ થઈ શકતુ ન હતુ. આમ યાર્ડમાં મહદ્અંશે વેપાર ધંધા બંધ રહેતા બેંકોમાં વેપારીઓ નાણાકીય લેવડ દેવડ પર માઠી અસર પડી હતી. આ ઉપરાંત અચાનક માર્કેટયાર્ડ બંધ રખાતા ગુજરાત અને રાજસ્થાનમાંથી અત્રે યાર્ડમાં રવિપાકોનું વેચાણ કરવા માટે આવેલા બહારના ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિક શ્રી સી.એસ.દેસાઈ ટેકનિકલ ઈન્સ્ટીટયુટમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત આઈ.ટી.આઈ.માં તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને સ્વ. સુબામીયા ડી. કસ્બાતી તાલીમાર્થી મેરીટ પ્રાઈઝ ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલીમાર્થીઓ દ્વારા ગણેશવંદના કાર્યક્રમ બાદ આવનાર મહેમાનો દ્વારા દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જયારે પ્રહસન - ઢબુ ઢીંગલી, ગરબા, આદિવાસી નૃત્ય, કવ્વાલી, દેશભક્તિ ગીત દ્વારા તાલીમાર્થીઓ દ્વારા આવનારા મહેમાનો સહિત પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા.

# કાણિયોલની પરિણીતા પાસે ૫ લાખનું દહેજ માંગનાર સાસરીયા વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૬

હિંમતનગર તાલુકાના કાણિયોલ ગામની પરિણીતા પાસે છેલ્લા છ માસથી પતિ સહિત સાસરીયા મકાન લેવા માટે રૂા.૫ લાખની દહેજ પેટે માગણી કરી શારીરિકમાનસિક ત્રાસ આપતા મામલો ગરમાયો છે. પરિણીતાને જાનથી મારવાની ધમકીઓ આપી મારઝૂડ કરાતા અંતે તેણીએ પોલીસ શરણું લીધું છે. પરિણીતાએ ત્રાસ અને દહેજના મામલે બુધવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પાંચ સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કર્યો છે.

પરિણીતા પર અત્યાચાર ગુજારવાની ઘટના અંગે પ્રાજ્ઞ વિગત અનુસાર કાણિયોલ ગામના નરસિંહભાઈ પટેલની દિકરી હિરલબેનના ગામમાં જ રહેતા રમણભાઈ પટેલના દિકરા હિતેષકુમાર સાથે લગ્ન થયા હતા. છેલ્લા છ માસથી હિરલબેનના સાસુસસરા, જેઠજેઠાણીની ચડમણીથી તેણીનો પતિ હિતેષ શારીરિકમાનસિક ત્રાસ આપી મારઝૂડ કરતો હતો અને પત્નિના પિતાના ઘરેથી ભિલોડામાં મકાન લેવા સારૂ રૂા.૫ લાખની માગણી કરતા હતા. પરિણીતાને ગાળો ભાંડી જાનથી મારવાની ધમકી સાસરીયા દ્વારા અપાતા અંતે કંટાળી તેણીએ બુધવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જઈ ત્રાસની ઘટના અંગે જાણ કરી હતી.ગ્રામ્ય પોલીસે હિરલબેનની ફરિયાદ આધારે તેણીના પતિ સહિત સાસુ, સસરા અને જેઠજેઠાણી મળી પાંચ જણા વિરૂધ્ધ ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરાઈ છે.

# ઉર્જાનો રિન્યુએબલ સ્ત્રોતો દ્વારા મહિલા સશક્તિકરણ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની મહિલાઓનું ઉર્જાના રિન્યુએબલ સ્ત્રોતોના ઉપયોગ દ્વારા સશક્તિકરણ કરવા માટે કોકોકોલા ફાઉન્ડેશન તેનાં સહયોગીઓ મહિલા સેવા ટ્રસ્ટ અને સેલ્ફ એમ્પ્લોઈડ વિમેન્સ એસોસિએશન સાથે હાથ મિલાવીને ગુજરાત અને રાજસ્થાન ૧૨૩ ગામમાં પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

જેમાં પ્રોજેક્ટ દ્વારા મહિલાઓને સોલર ફાનસ બનાવવાની તાલીમ પૂરી પાડીને તથા અન્ય ગામડામાં આ ફાનસ સામાન્ય કિંમતે પૂરા પાડી આવકનું સાધન આપી ગામોમાં લોકોની જીવનશૈલી અને કામની પરિસ્થિતિમાં તફાવત સર્જ્યો છે. કોકાકોલાના નેજા હેઠલ ચાલતો આનંદન પ્રોજેક્ટ, પાણી, પર્યાવરણ, તંદુરસ્ત જીવન અને સમાજ પ્રગતિનાં કામો હાથ ધરીને લાંબા ગાળાનાં વિકાસ તથા સમાવેશી વૃદ્ધિ માટે કરે છે. ૨૦૦૯થી શરુ કરીને આશરે ૧૫,૦૦૦ સોલર ફાનસનું વિતરણ કરાયું છે અને ૯૧૪૭૬ લોકોને પ્રોજેક્ટ જયોતિનો લાભ મળ્યો છે. જયારે ફાઉન્ડેશન દ્વારા વિવિધ ગામોમાં હેન્ડપંપ પણ ઊભા કર્યા છે આથી મહિલાઓએ પાણી લેવા માટે માઈલો સુધી ચાલતાં જવું પડતું નથી. આ મહિલાઓ તેમના ફાજલ સમયનો ફાનસ એસેમ્બલ કરવામાં તથા અન્ય આર્થિક પ્રવૃત્તિઓ માટે સમયનો ઉપયોગ કરે છે.

## ત્રાસવાદીઓ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત પોલીસ પહેલાથી જ એલર્ટ ઉપર છે. રાજ્ય સરકારે અગાઉ એનએસજીની ટીમો મોકલવા કેન્દ્ર સરકારને અપીલ કરી હતી. ત્યારબાદ આ ટીમો પહોંચી છે. રાજ્યના ગૃહમંત્રી રજનીકાંત પટેલ દ્વારા આ મુજબની વાત કરાઈ છે. તેમણે કહ્યું છે કે, અમે હાઈએલર્ટની જાહેરાત કરી ચુક્યા છે. તમામ મહત્વના સ્થળો ઉપર સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવાલને પાકિસ્તાન દ્વારા ત્રાસવાદી હુમલો થઈ શકે છે તેવી માહિતી આપવામાં આવી હતી. પાકિસ્તાન તરફથી તેમના સમકક્ષ દ્વારા બાતમી મળ્યા બાદ અજીત દોવાલે અન્યત્ર માહિતી પુરી પાડી હતી. પાકિસ્તાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર નાસીર જનજુઆએ ફોન કરીને અજીત દોવાલને ત્રાસવાદીઓની ઘુસણખોરી અંગે માહિતી આપી હતી. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, બે પાકિસ્તાની સંગઠનોના ૧૦ ત્રાસવાદીઓ ગુજરાતમાં ઘુસણખોરી કરી ગયા છે. કચ્છ જિલ્લા ઉપરાંત પાકિસ્તાન સાથેની જમીન અને મેરિટાઈમ સરહદો ધરાવનાર રાજ્યોમાં પેટ્રોલિંગ અને ચકાસણી તીવ્ર કરાઈ છે જેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. સોમનાથ, દ્વારકા મંદિર, ગાંધીનગરમાં અક્ષરધામ મંદિર, પાવર પ્લાન્ટ, બંદરો, બંધ, સુરક્ષા સંસ્થાઓ ખાતે એલર્ટની જાહેરાત કરાઈ છે. કેન્દ્રીય સંસ્થાઓ દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં કચ્છ દરિયા કાંઠે મળેલી પાંચ ફિશિંગ બોટ મામલામાં તપાસ હાથ ધરી છે. ટોપ આર્મી કમાન્ડર ગઈકાલે જ કહી ચુક્યા છે કે, શિવરાત્રી મહોત્સવની આસપાસ હુમલાની બાતમી મળી છે.

## વિશ્વાસ છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોતાની કેરિયરની સાથોસાથ દેશના ગરીબ અને જરૂરિયાતમંદ લોકોના ઘરોમાં ઉપયોગી સુવિધાઓ પહોંચાડવાની દિશામાં કામ કરવાનું સૂચન પણ તેમણે વિદ્યાર્થીઓને કર્યું હતું.

રાજ્યનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આ પ્રસંગે અંગ્રેજીમાં ઉદ્બોધન આપી સૌને ચોંકાવી દીધા હતા. વિદ્યાર્થીઓને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે 'મહેનતનો કોઈ વિકલ્પ નથી અને શૉર્ટ કટ જેવી કોઈ વસ્તુ નથી. તમે આવતીકાલથી વાસ્તવિક દુનિયામાં જાઓ ત્યારે તમને પડકારો તો મળશે, પરંતુ એને તક તરીકે લેજો. દેશ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે એ ઉકેલવાની દિશામાં તમે પ્રયાસ કરજો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે દેશ પ્રતિ દુનિયાની મીટ મંડાઈ છે, એને જગદ્ગુરુ બનતો જોવા માટે.' ઍચઆઈઍસ ઍનર્જી, અમેરિકાના ઑઈલ માર્કેટ રિસર્ચ વિભાગના હેડ જેમ્સ બુર્ખાર્ડ દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી અને દઢતાપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે ઍનર્જી ક્ષેત્રનું ઉજ્જવળ ભવિષ્ય ભારતમાં જ છે, દુનિયાના અન્ય કોઈ દેશમાં નહીં.

## સરકારી બેંકો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક અંદાજ મુજબ હજુ પણ આશરે ૪૦ ટકા લોકોના હજુ પણ બેંક ખાતા નથી. જેટલીએ કહ્યુ છે કે મર્જની પ્રક્રિયામાં કેટલી બેંકોમાં સામેલ કરવામાં આવનાર છે તે અંગે કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. આ પ્રક્રિયા ક્યારેય શરૂ કરાશે તે અંગે પણ કોઈ નિર્ણય કરાયો નથી. આ પ્રક્રિયા ક્યારેય પૂર્ણ કરાશે તે અંગે પણ કોઈ નિર્ણય કરાયો નથી. મર્જ થયા બાદ કેટલી સરકારી બેંકો બચશે તે અંગે પણ કોઈ અંદાજ મુકવામાં આવ્યો નથી. આ અગાઉ જાન્યુઆરી મહિનામાં આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને પણ બેંકોના મર્જરને લઈને સંકેત આપ્યો હતો.

રઘુરામ રાજન પોલિસી સમીક્ષા રજૂ કરશે તેમના ઉપર પણ નજર રહેશે. સરકારી બેંકોની સંખ્યા ઘટાડી દેવા અને નુકસાન કરી રહેલી બેંકોના મર્જરને લઈને નિષ્ણાતો સાથે જેટલી દ્વારા ચર્ચા હાથ ધરવામાં આવી ચુકી છે. આગામી દિવસોમાં આ અંગે મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. આનો વિરોધ થાય તેમ પણ માનવામાં આવે છે.